
# મનોબળ

– નિલેશ મહેતા

એક રાજા પાસે એક હાથી હતો. રાજા તે હાથીને ખૂબ જ પ્રેમ કરતા હતા અને હાથી પણ ઘણો બુદ્ધિમાન, ગજબનો શક્તિશાળી હતો. ઘણાં યુદ્ધોમાં તેણે રાજાને સાથ આપ્યો હતો. સમય જતાં હાથી વૃદ્ધ થતો ગયો. તેનું શરીર હવે શિથિલ થઈ ગયું હતું. એક દિવસ તળાવમાં પાણી પીવા હાથી ગયો હતો. તળાવમાં પાણી ઓછું હોવાને લીધે હાથી તળાવના કાદવમાં ખૂંપી ગયો. તેનું વૃદ્ધ શરીર તળાવના કાદવમાંથી બહાર કાઢી શકે તેટલી શક્તિ હાથીમાં હતી નહીં તેથી હાથી જોર જોરથી ચીસ પાડવા લાગ્યો. તે હાથીનો અવાજ સાંભળી ઘણા બધા મહાવત દોડી આવ્યા. મહાવત એ દૃશ્ય જોઈને વિચારવા લાગ્યા કે હાથીને કાદવમાંથી કેવી રીતે બહાર કાઢવો. છેલ્લે હાથીના વિશાળ શરીર પર ભાલા મારવા લાગ્યા. જેથી તેમના દર્દથી હાથી પોતાની શક્તિ ભેગી કરી કાદવમાંથી બહાર નીકળી જાય પણ તે યુક્તિ પણ કામ ના આવી. રાજાને આ વાતના સમાચાર મળ્યા, તરત રાજા તળાવ પાસે



આવ્યો. હાથીની દયાજનક પરિસ્થિતિ જોઈ રાજાને ઘણું દુઃખ થયું પછી રાજ્યના વૃદ્ધ મહાવતને લાવ્યાં અને વૃદ્ધ મહાવતે સલાહ આપી કે તમે યુદ્ધનાં નગારાં વગાડો. સૈનિકોની વિશાળ ફોજ હાથીની સામેથી પસાર કરો. તરત જ રાજાએ યુદ્ધનાં નગારાં વગાડયાં અને હાથીની સામેથી સૈનિકોની ફોજ પસાર કરી. અચાનક હાથીના શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ અને એક છલાંગ સાથે કાદવમાંથી બહાર નીકળી ગયો. નગારાના અવાજ સાંભળી હાથી ભૂલી ગયો હતો કે તે વૃદ્ધ અને કમજોર છે અને કાદવમાં ફસાઈ ગયો છે. નગારાના અવાજથી તેમનું સુપ્ત મનોબળ જાગી ગયું હતું. યુદ્ધનાં નગારાં વાગે અને આ હાથી ઊભો હોય તેવું કોઈ દિવસ બન્યું નહોતું. જીવનમાં હંમેશાં મનોબળ સાચું છે. જેમનું મનોબળ મજબૂત તેમને દુનિયાની કોઈ શક્તિ રોકી શકતી નથી.’

■